# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા "વિશ્વ જમીન દિવસ" ની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા તારીખ ૫.૧૨.૨૦૨૦ શનિવાર નારોજ "વિશ્વ જમીન દિવસ" ઉજવણી અંતર્ગત ગુગલ મીટના માધ્યમથી ઓનલાઈન તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. સદર કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ડો. એચ. બી. પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદ ઓનલાઈન હાજર રહ્યા હતા. તદઉપરાંત અતિથી વિશેષમાં ડો. ચિંતન પટેલ, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, આણંદ, પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, આત્મા, આણંદ સાથે આણંદ જિલ્લાના મદદનીશ ખેતી નિયામકશ્રી તથા વિસ્તરણ અધિકારીશ્રીઓ તેમજ ગ્રામ સેવકો અને ખેડૂત ભાઈઓ મળીને કુલ ૭૨ વ્યક્તિઓએ ભાગ લીધેલ. કાર્યક્રમની શરૂઆતમાં કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડો. જી. જી. પટેલ દ્વારા ઓનલાઈન ઉપસ્થિત રહેલ સર્વેનું સ્વાગત કર્યા બાદ પ્રસંગોચીત્ત ઉદબોધનમાં "વિશ્વ જમીન દિવસ" ઉજવણીની થીમ "જમીનને જીવંત રાખીએ અને તેની જૈવિક વિવિધતાને જાળવીએ" પરત્વે માહિતી આપેલ.

ડો. ચિંતન પટેલ, જિલ્લા ખેતીવાડી અધિકારી, આણંદ એ સોઇલ હેલ્થ કાર્ડ યોજના, દેશી ગાય આધારીત ખેતી પધ્ધતિ, સજીવ ખેતી આધારીત ખેડૂતોને મળવાપાત્ર સહાય વિગેરે બાબત પર વિસ્તૃત માહિતી આપી. ડો. એચ. બી. પટેલ, વિસ્તરણ શિક્ષણ અધિકારી, આ.કૃ.યુ., આણંદ દ્વારા જમીનના સ્વાસ્થ્ય બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ. ત્યારબાદ ડો. જી.જી. પટેલ દ્વારા જમીન સંરક્ષણ અને જાળવણી બાબતે માહિતી આપેલ. કાર્યક્રમના અંતે ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું ત્યારબાદ ડૉ. આર.એમ. પટેલ, વૈજ્ઞાનિક(પાક સંરક્ષણ) દ્વારા આભારવિધી કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન તેમજ સંચાલન ડો. આર. એમ. પટેલ, વૈજ્ઞાનિક(પાક સંરક્ષણ) તથા દ્વારા ડો. વાય.સી. લકુમ, વૈજ્ઞાનિક(એગ્રોનોમી) દ્વારા કરવામાં આવેલ.



